# દ્રૌપદી હોય કે આજની સ્ત્રીઃ ‘ના’ નો સંઘર્ષ યથાવત્‌



સંબંધોના તાણાવાણા
ગીતા શ્રોફ

તાજેતરમાં ‘ચિરૈયા’ વેબ સીરિઝે એક ખૂબ જ સંવેદનશીલ અને ઘણી વાર અવગણાયેલ વિષય પર પ્રકાશ પાડ્યો છે. લગ્નસંબંધમાં પતિ દ્વારા થતો બળજબરીનો-મુનસફીનો શારીરિક સંબંધ, જેને આપણે ‘મેરિટલ રેપ’ તરીકે ઓળખીએ છીએ. ભારતીય સમાજમાં લગ્નને એક પવિત્ર બંધન-સંબંધ માનવામાં આવે છે પરંતુ આ સંબંધની અંદર જો કોઈ સ્ત્રીની ઈચ્છા, સંમતિ અને માનવ અધિકારને અવગણવામાં આવે, તો એ સંબંધની પવિત્રતા ખંડિત થાય છે. મહાભારત કાળમાં સંજોગો આધીન દ્રૌપદીએ પાંચ પતિ સાથે વહેંચાવાનું સ્વીકાર્યું હતું પરંતુ દ્યુતસભામાં જયારે તેના પતિ દ્વારા તેને દાવમાં મૂકવામાં આવી અને તેઓ હારી ગયા, ત્યારે દ્રૌપદીએ જ અવાજ ઉઠાવ્યો હતો, તે મહાભારતના યુદ્ધનું કારણ બની ગયું. આ છતાં પિતૃસત્તાક સમાજે વારંવાર પત્ની પર પોતાનું ધણીપણું (માલિકીપણું) વારંવાર અલગ અલગ રીતે સ્થાપિત રાખ્યું. જયારે જયારે દમનનું પ્રમાણ વધે ત્યારે જ સ્ત્રીઓ અવાજ ઉઠાવતી રહી અને ફરી પોતાના સંસારમાં રત થઈ જતી. જેથી દર થોડા સમયે તેનું દમન દહેજ, ઘરેલુ હિંસા, સાટુપ્રથા, બજારમાં વેચાણ, જાતીય શોષણ મેરિટલ રેપ જેવા અલગ અલગ રીત-રિવાજ-પ્રથા-પરંપરાના નામથી થતા રહ્યા અને દરેક વખતે તેમાંથી બહાર આવવા સ્ત્રીઓએ લાંબી લડાઈઓ લડવી પડે છે. દ્યુતસભાથી કોર્ટ રૂમ સુધી-આજે પણ દ્રૌપદીનો પ્રશ્ન જીવંત છે- સ્ત્રીની સંમતિ કયાં છે? દ્રૌપદીની ‘ના’ અને આજની સ્ત્રીની ‘ના’નો સંઘર્ષ-સદીઓથી ચાલતો પ્રશ્ન છે. દ્રૌપદીએ શરૂ કરેલો વિરોધ, દ્યુતસભામાં હાજર મહારથી, સ્વજનો, વડીલો, ગુરુ, આચાર્ય, પિતામહ જેવા પુરુષને મૌન ધારણ કરવા મજબૂર કરવા પૂરતો ન રહેતા-મહાભારતના યુદ્ધ સુધીનો પડઘો બની રહ્યો. સ્ત્રીમાં ગૂઢ શક્તિઓ રહેલી છે. તે સીતા બની એકપત્નીવ્રતી પતિના સમાજ (પ્રજા)માં આદર્શ નિયમોનું સન્માન કરવા મૌન ધારણ કરવાની ક્ષમતા પણ ધરાવે છે અને દ્રૌપદી બની પોતાની સંમતિ વિના પતિ દ્વારા થયેલ અપમાનનો વિરોધ કરવા એકલી ઊભી રહેવાની ક્ષમતા પણ ધરાવે છે. ફકત જરૂર છે સ્વયંને અને સમાજને જેતે સમયે શેની જરૂર છે તે સમજવાની.

લાંબા સમય સુધી ભારતીય કાનૂનમાં મેરિટલ રેપને અલગ ગુનાની માન્યતા આપવામાં આવી નહોતી. લગ્ન પછી સ્ત્રીની સંમતિ ‘સ્વાભાવિક’ માની લેવામાં આવતી હતી. જે વાસ્તવમાં સ્ત્રીના માનસિક અને શારીરિક સ્વતંત્રતાના હકને નકારી કાઢતી વિચારધારા હતી. આ કારણે અનેક સ્ત્રીઓ પોતાનાં દુઃખ, અત્યાચારને મૌન રહી સહન કરતી રહી કારણ કે સમાજ, પરિવાર અને કાયદો-ત્રણેય જગ્યાએથી તેને યોગ્ય આધાર મળતો નહોતો. વળી, તેને બાળપણથી શીખવવામાં આવ્યું હોય કે પતિ એ તારો ધણી (માલિક) અને પરમેશ્વર છે એટલે તે એનો વિરોધ કરવાનો વિચાર કે હિંમત ધરાવતી જ નહોતી અને જો વિરોધ કરે પણ તો સ્ત્રીઓ પણ તેને સાંભળવા તૈયાર ન હતી.

આજની પરિસ્થિતિમાં ભલે કાયદાકીય સ્તરે ચર્ચાઓ અને પરિવર્તનોની શરૂઆત થઈ છે પરંતુ સામાજિક સ્વીકાર હજુ પણ અધૂરો છે. મેરિટલ રેપ માત્ર કાનૂની મુદ્દો નથી- તે સંબંધોના તાણાવાણાનો મહત્ત્વનો ભાગ છે. જેના કારણે લગ્નસંબંધ તણાવભર્યો રહે છે જેની અસર પરિવારથકી સમગ્ર સમાજ પર પડે છે. જયાં પ્રેમ, વિશ્વાસ અને સમ્માન હોવું જોઈએ ત્યાં ડર, દબાણ અને અસમાનતા પ્રવેશ કરે છે. પરિણામે સંબંધ માત્ર શરીર સુધી સીમિત રહી જાય છે, ભાવનાત્મક જોડાણ તૂટી જાય છે.

## કેસ 1

હોસ્પિટલમાં એક નર્સ વૃદ્ધ 88 વર્ષના પેશન્ટના પરિવાર સમક્ષ આવીને તાડૂકી ઊઠી, ‘‘તમારા પરિવારના આ ‘દાદા’ જે શબ્દ બોલવામાં પણ શરમ આવે છે, તેમને કહો કે તેમના હાથ સરખા રાખે. તેઓ મારા શરીરના ભાગોને ગંદા સ્પર્શ કર્યા કરે છે. પેશન્ટ છે એટલે તમને કહું છું કે એમને સમજાવી દેજો.’’ નર્સના આ શબ્દો સાંભળીને પૌત્ર-દીકરો અને ઘરડાં બા સ્તબ્ધ થઈ ગયાં. બધાંએ બા તરફ આશાની મીટ માંડી. બા બબડતાં બબડતાં ઊભાં થયાં, ‘‘આખું જીવન શરીર જ તો ચૂંથ્યું છે. હવે શરીર બાળવાનો સમય આવ્યો તો ય જીવ તો શરીરમાં જ છે.’’ પછી તેઓએ ICUમાં સૂતેલા પતિ પાસે જઈને કહ્યું, ‘‘હવે તો સખણા રહો, મેં પરિવાર માટે મૌન રાખેલું. હવે જો કોઈ અવાજ ઊઠાવશે તો પરિવાર જ તમને જીવતા મસાણમાં મૂકી આવશે. હવે પરિવાર સુધી વાત પહોંચી ગઈ છે. ચૂપચાપ બીજાના શરીરમાંથી જ નહીં, તમારા શરીરમાંથી પણ જીવને નીકળી જવા દો અને અમને મુક્તિ આપો.’’ તે પરિવારે શાંત નિર્ણય લઈ દાદાને હોસ્પિટલમાંથી ઘરે લઈ જવાનું પસંદ કર્યું. જે દાદાના અંતિમ સમય માટે સમગ્ર પરિવાર વિદેશથી પણ આવેલો, તે સૌ પોતપોતાના કામે પરત ફર્યા. પુરુષ નર્સની વ્યવસ્થા આપી દાદાને તેમનાં પાપોના પ્રાયશ્ચિ

ત્ત માટે સમય આપ્યો. થોડા મહિના પછી દાદાનો દેહાંત થયો અને ફરી સમગ્ર પરિવાર એકઠો થયો. બધાંએ દાદીને ખૂબ લાડ લડાવ્યાં. દાદીએ પરિવારની દીકરી-વહુને મેસેજ આપ્યો કે, ‘‘શોષણ સમયનું મૌન શોષણ કરનારને હિંમત આપતું રહે છે માટે અત્યાચાર સામે અવાજ ઉઠાવવો નૈતિક ફરજ છે.’’

## કેસ 2

ઘરગથ્થુ પ્રોડકટ બનાવી તેનું વેચાણ કરી ગુજરાન ચલાવતી મધ્યમવર્ગીય આયેશાએ પોતાની વ્યથા રજૂ કરી. આયેશાના લગ્ન 16 વર્ષે થઈ ગયા હતા. 14 અને 10 વર્ષના બે પુત્રોની માતા હતી. તેનો પતિ કોન્ટ્રાક્ટ બેઝ નોકરી કરતો હોવાથી ગમે ત્યારે ઘરે આવી જતો. એ જયારે પણ ઘરે આવે તો આયેશાનો હાથ પકડી રૂમમાં લઈ જતો અને અકુદરતી સેકસ કરતો. આયેશાને તેના કારણે ખૂબ શારીરિક પીડા રહેતી. તે વારંવાર પતિને વિનંતી કરતી રહી પણ આટલાં વર્ષોમાં કયારેય તેના પતિએ તેની ‘ના’ને ગણકારી નહીં. દિવસ-રાત રોજેરોજ આવી પીડા સહન કરવાને કારણે તેણે વારંવાર ગાયનેકોલોજીસ્ટ પાસે જવું પડતું. મોટા થતા પુત્રો પણ હવે પ્રશ્ન પૂછવા લાગ્યા કે, ‘‘પપ્પા જેવા ઘરમાં આવે કે તરત તને ઘસડીને રૂમમાં કેમ લઈ જાય છે?’’ હવે આયેશાનું મૌન એને અકળાવવા લાગ્યું હતું. અમારા કાઉન્સેલીંગ પછી તેની સાસુને વિશ્વાસમાં લઈ તેના પતિને બોલાવીને સાંભળ્યો. જેથી જાણ થઈ કે તેને સતત સેકસ વિશે વિચારો આવતા રહે છે એટલે નિયંત્રણ નથી કરી શકતો. ગિલ્ટ હોવા છતાં ફરીથી એવું વર્તન થઈ જાય છે. જેથી તેને સાયકોલોજીસ્ટ અને સેકસોલોજીસ્ટ પાસે મોકલ્યો. કમ્પલઝીવ સેકસ્યુઅલ બીહેવિયર ડીસઓર્ડર ડાયગ્નોસ થયો. પછી તેની મા, પત્ની અને પુત્રના સપોર્ટથી ઘરમાં ધ્યાન, યોગ, રમતગમત, કવીઝ એક્ટીવીટી શરૂ કરાવી. મોબાઈલ પરના કન્ટેન્ટને નિયંત્રણમાં રાખવાનું શરૂ કરાવ્યું. તેના સકારાત્મક સહકારથી 5-6 વર્ષથી આયેશાની સંમતિને સન્માન આપતો થયો.

## કેસ 3

કૃપાને 10 વર્ષના લગ્નજીવનથી એક સાત વર્ષની પુત્રી હતી. તેનો પતિ પણ દિવસરાત પત્નીને જોતાં જ તૂટી પડતો. નાની દીકરીની તમા પણ ન રાખતો. થાકેલીહારેલી કૃપાની પરિસ્થિતિ તેના પતિના મિત્રને જાણમાં આવતાં તેણે કૃપાને સાંત્વન આપવાનું શરૂ કર્યું. થોડા જ સમયમાં કૃપા અને પતિના મિત્ર વચ્ચે શારીરિક સંબંધો શરૂ થયા, જેની જાણ તેના પતિને થતાં તે કોર્ટ સુધી પહોંચ્યો. જયાં કાઉન્સેલીંગમાં કૃપાએ મૌન (શરમ) તોડયું. તેના પતિને પૂછતાં તેણે કહ્યું કે, ‘‘હું પરિણીત છું તો શું મને ઈચ્છા થાય તો મારે અન્ય સ્ત્રી પાસે જવું? હા! મને સ્ત્રીના શરીરના જ વિચારો આવ્યા કરે છે. જે શાંત થતા નથી અને મને નિયંત્રણમાં રહેવા દેતા નથી.’’ સાયકોલોજીસ્ટે તેને હાયપર સેકસ્યુઆલીટી તરીકે ઓળખાવી અને ટ્રીટમેન્ટ શરૂ કરી પરંતુ કૃપાએ હવે પેલા પરિણીત પુરુષ મિત્ર સાથેના સંબંધો છોડવા(તોડવા)ની ‘ના’ કહી દીધી. તેનું કહેવું હતું કે, ‘‘લગ્નનાં આટલાં બધાં વર્ષો બાદ સેકસ પ્રત્યેની મારી માનસિકતા બદલાઈ છે. હવે મને મારા શરીર માટે સન્માન થવા લાગ્યું છે. ફરીથી મારે સ્ત્રીને શરીર સમજનાર વ્યક્તિને મારું શરીર નથી આપવું. દશ વર્ષથી કૃપા દીકરી સાથે પતિથી અલગ રહે છે. પતિ ઘરે આવ-જા કરે છે અને નવી નવી સ્ત્રીઓ સાથે ફરતો રહે છે. કૃપા તેના મિત્ર સાથે લીવ-ઈન રીલેશનશીપમાં રહે છે અને તે પુરુષમિત્ર બંને પરિવારની વચ્ચે જીવે છે.

અહીં સમજવાની વાત એ છે કે જ્યારે સ્ત્રીને માત્ર ઈચ્છાની વસ્તુ તરીકે જોવાની માનસિકતા વિકસે છે ત્યારે સંમતિ અને સમ્માન બંને પાછળ રહી જાય છે, જયાં ‘પત્ની એટલે હક’ એવી ખોટી માન્યતા ઊભી થાય છે. આ જ માનસિકતા મેરિટલ રેપ જેવી ગંભીર પરિસ્થિતિઓનું મૂળ બને છે. સ્વસ્થ સંબંધો માટે જરૂરી છે કે આકર્ષણને નિયંત્રણમાં રાખી, સામેની વ્યક્તિને સંપૂર્ણ માનવી તરીકે-તેની લાગણીઓ, મર્યાદાઓ અને ‘ના’ના અધિકાર સાથે જોવામાં આવે. જયારે સમાજ અને વ્યક્તિ બંને સ્તરે આ સમજણ વિકસે છે ત્યારે જ સંબંધોમાંથી દબાણ દૂર થઈ, સાચી સન્માન અને સંમતિ જીવંત બની શકે છે.આ વિષયને કાયદાની બહાર-સામાજિક ન્યાયદૃષ્ટિએ જોવો ખૂબ જરૂરી છે કારણ કે સંબંધો માત્ર કાયદાથી નહીં પણ માનસિકતા, સંસ્કાર અને વર્તનથી સુધરે છે. તે માટે કડક અને અસરકારક સામાજિક પગલાં લેવાવા જોઈએ.

» બાળકોમાં નાની ઉંમરથી જ ‘સંમતિ’ને સંસ્કાર તરીકે સ્થાપિત કરવી.
» લગ્ન પછી પણ ‘ના’ એટલે ‘ના’- આ વાતને પરિવાર સ્તરે સ્વીકારવી.
» સ્કૂલમાં ‘Consent Education’ ફરજિયાત બનાવવું.
» ‘ઘરના મામલા’ તરીકે દબાવવા કરતાં ખુલ્લો વિરોધ કરવો.
» પીડિતાને દોષારોપણ કરવાને બદલે પરિવારથી ટેકો મળવો જોઈએ.
» આ વર્તનને ‘વ્યક્તિગત બાબત’ ન ગણી સ્પષ્ટ ખુલ્લો વિરોધ કરવો જોઈએ.
» લગ્ન પહેલાં અને પછી કાઉન્સેલીંગ, ભાવનાત્મક સમજ, શારીરિક મર્યાદા અને પરસ્પર આદર પર માર્ગદર્શન દરેક પરિવારમાં ફરજિયાત થવું જોઈએ.

**જ્યારે સ્ત્રીને માત્ર ઈચ્છાની વસ્તુ તરીકે જોવાની માનસિકતા વિકસે છે ત્યારે સંમતિ અને સમ્માન બંને પાછળ રહી જાય છે, જયાં ‘પત્ની એટલે હક’ એવી ખોટી માન્યતા ઊભી થાય છે. આ જ માનસિકતા મેરિટલ રેપ જેવી ગંભીર પરિસ્થિતિઓનું મૂળ બને છે**

» ગંભીર કેસમાં સાયકોલોજીસ્ટ-થેરાપીસ્ટની મદદ લેવી જોઈએ.
» સ્ત્રીઓ માટે મજબૂત સપોર્ટ સીસ્ટમ (સેફ સ્પેસ) જરૂરી છે.
» પુરુષોની માનસિકતા બદલવા માટે વર્કશોપ્સ થવા જોઈએ, જયાં ‘પુરુષત્વ એટલે નિયંત્રણ નહીં પણ પુરુષત્વ એટલે સંવેદનશીલતા’ એવું સમજાવાય. સંબંધ, સંમતિ, સન્માન વિશે યોગ્ય સમજ સાથે રોલ મોડલ દ્વારા સંદેશો પહોંચાડવો જોઈએ.
» ‘Respect and Consent Pledge’ સામાજિક ચળવળરૂપે લેવડાવવી જોઈએ.

જયારે સમાજ ‘હક’ને બદલે ‘સંમતિ’ને માન્યતા આપશે ત્યારે જ સાચો બદલાવ આવશે. સંબંધોમાં પ્રેમથી મહત્ત્વનું છે સન્માન અને સન્માનની શરૂઆત થાય છે ‘ના’ને સ્વીકારવાથી. સ્ત્રીને વ્યક્તિ તરીકે સન્માનથી જોવી એ જ સ્વસ્થ અને સંતુલિત માનસિકતા છે.

Instagram@gita.shroff